
# એફડીઆઈ નિર્ણય સાથે અમેરિકાને લેવાદેવા નથી : મનમોહનસિંહ

નવી દિલ્હી,તા. ૨૯

છેલ્લા થોડા સપ્તાહમાં યુપીએ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા આર્થિક સુધારાઓને ટેકો આપતા આજે વડાપ્રધાન મનમોહનસિંહે સાફ શબ્દોમાં કહ્યું હતું કે મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈને મંજૂરી આપવા અંગેનો નિર્ણય તમામ બાબતને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યો છે. આ નિર્ણયને લઈને અમેરિકા સાથે કોઈ લેવાદેવા નથી. ભારતે હાલમાં લીધેલા તમામ નિર્ણય તેના પોતાના છે. કોઈ પણ દેશનુ કોઈ દબાણ નથી. રિટેલમાં એફડીઆઈ અને અન્ય કઠોર નિર્ણયો મામલે થઈ રહેલાં હોબાળાની નોંધ લીધા વગર સિંહે સંકેત આપ્યો હતો કે, સરકાર સુધારા પ્રક્રિયાને યથાવત્ રીતે આગળ વધારશે. સાથી પક્ષો સાથે તમામ મુદ્દે ચર્ચા કરવાની વાત કરતાં તેમણે કહ્યું હતું કે, હવે અતિઝડપી સુધારા પગલાંઓ જરૂરી બની ગયાં છે. દેશનાં હિતમાં જે જરૂરી છે તે તમામ પગલાં લેવાઈ રહ્યાં છે. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ,



ડીઝલની કિંમતમાં ભાવ વધારાનાં નિર્ણયને પરત ખેંચવાનાં પ્રશ્નો કરવામાં આવ્યા હતાં. સાથી પક્ષો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાની તેઓએ નોંધ લીધી નહતી. આ સપ્તાહ દરમિયાન યુપીએ સંકલન સમિતિએ મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈનાં મુદ્દા પર ચર્ચા કરી છે. એફડીઆઈનો નિર્ણય અમેરિકાને ખુશ કરવાનાં હેતુસર લેવાયો છે તેવા ગુજરાતનાં મુખ્યમંત્રી મોદીના આક્ષેપ અંગે તેમણે કહ્યું હતું કે, અમેરિકા સાથે આ નિર્ણયને કોઈ લેવાદેવા નથી. કોઈના ઈશારે કોઈ નિર્ણય લેવામાં આવ્યા નથી. વડાપ્રધાને વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે કુદરતી સંશાધનોની ફાળવણી મામલે રાષ્ટ્રપતિના રેફરન્સ સંબંધમાં સુપ્રીમ કોર્ટના આદેશનું અમે સન્માન કરીએ છીએ. ભારતના ચીફ જસ્ટીસ અલતામસ કબીરની શપથવિધી બાદ પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતું કે સરકાર દ્વારા હાલમાં લેવામાં આવેલા નિર્ણય બિલકુલ યોગ્ય છે. તમામ પરિસ્થિતીને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યા છે. દરમિયાન વડાપ્રધાનનાં નિવેદન અંગે રાજકીય પક્ષોએ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપવાની શરૂઆત કરી દીધી છે. વડાપ્રધાન હાલમાં વિરોધ પક્ષોની ટીકાનો શિકાર બની ગયા છે. કઠોર પગલાંના કારણે લોકો નારાજ છે.

**વડાપ્રધાને શું કહ્યું.......**

- એફડીઆઈ અને અન્ય નિર્ણયો મામલે હોબાળો બિનજરૂરી
- સુધારા પ્રક્રિયા સાથે સરકાર આગળ વધશે
- દેશનાં હિતમાં જરૂરી તમામ પગલાં લેવાશે
- રોલબેકની કોઈ યોજના નથી
- સંકલન સમિતિની મિટિંગમાં તમામ પાસા પર ચર્ચા થઈ છે
- રિટેલમાં એફડીઆઈને મંજુરીનો નિર્ણય કોઈનાં ઈશારે લેવાયો નથી
- ભારત પોતાનાં તમામ નિર્ણય પોતાની રીતે લઈ રહ્યું છે
- કુદરતી સંસાધનોની હરાજીનાં મુદ્દે સુપ્રીમનાં ચુકાદાનું સન્માન કરીએ છીએ

## અજીત પવારના રાજીનામાનો સ્વીકાર : સસ્પેન્સનો અંતે અંત

મુંબઈ,તા. ૨૯

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે આજે અજિત પવારના રાજીનામાનો રાજ્યપાલે સ્વીકાર કર્યો હતો. રાજ્યપાલ શંકરનારાયણને નાયબ મુખ્યપ્રધાન તરીકે પવારના રાજીનામાને સ્વીકાર કર્યો હતો. સિંચાઈ કોંભાડને લઈને અજિત પવારે રાજીનામું આપ્યું હતું. મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે શનિવારે સવારે રાજ્યપાલને મળીને તેમની સાથે વાતચીત કરી હતી. આ ગાળા દરમિયાન અજિત પવારનું રાજીનામું સોંપી દેવામાં આવ્યું હતું. રાજભવનના પ્રવકતાએ કહ્યું હતું કે મુખ્યપ્રધાનની ઈચ્છા મુજબ રાજ્યપાલે પવારના રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. રાજ્યમાં કોંગ્રેસ-નેશનલ કોંગ્રેસ પાર્ટી ગઠબંધન સરકાર છે. છેલ્લા કેટલાક દિવસથી સંકટના વાદળો ઘેરાયેલા હતા. નેશનલ કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે મુખ્યપ્રધાનને કહ્યું હતું કે તેઓ અજિત પવારના રાજીનામાને સ્વીકાર કરી લે. દરમિયાન પવારે અન્ય પ્રધાનોને જરૂરી સલાહ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે અજિત પવારે રાજીનામું આપી દીધા બાદ ગઠબંધન સરકાર પર



સંકટના વાદળો ઘેરાઈ ગયા હતા. બન્ને પક્ષો વચ્ચે આંતરિક ખેંચતાણ હોવાના અહેવાલ આવી રહ્યા હતા. આ મામલે પવારે શુક્રવારે અનેક બેઠકો યોજી હતી. મિડિયામાં ૨૦૦૦૦ કરોડ રૂપિયાના સિંચાઈ કોંભાડ અંગે અહેવાલ સપાટી પર આવ્યા બાદ ૫૩ વર્ષીય અજિત પવારે રાજીનામું આપી દીધુ હતુ. જો કે તેઓએ સમગ્ર મામલામાં કોઈ ભૂમિકા હોવાનો સાફ ઈન્કાર કર્યો હતો.

## કોંગ્રેસ-એનસીપી સંબંધ પર કોઇ અસર નહીં પડે

મુંબઈ,તા. ૨૯

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે રાજ્ય કેબિનેટમાંથી તેમના નાયબ અજિત પવારના રાજીનામા બાદ કોંગ્રેસ-એનસીપી ગઠબંધન પર કોઈ પ્રતિકુળ અસર થશે નહી.ચવ્હાણે કહ્યું હતું કે તેઓ શરદ પવારને મળી ચુક્યા છે. પ્રફુલ પટેલ સાથે પણ વાતચીત કરી ચુક્યા છે. સરકાર અસરકારક રીતે જ કામ કરશે. સરકાર અને બન્ને પક્ષો વચ્ચે યોગ્ય સંકલન રહેશે. બન્ને પક્ષો વચ્ચે સંબંધો ખુબ મજબુત રહેશે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં હવે નાયબ મુખ્યપ્રધાનનો હોદ્દો રાખવામાં આવસે નહી. ઉચ્ચ શિક્ષણ પ્રધાન રાજેશ ટોપેને અજિત પવાર દ્વારા જાળવી રાખવામાં આવેલુ ખાતુ આપવામાં આવ્યું છે. જ્યારે ગ્રામીણ વિકાસ પ્રધાન જયંત પાટિલને નાણાં વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. ચવ્હાણે સિંચાઈ વિભાગમાં ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો.

**અમેરિકામાં એન્જિનિયરો, ટેકનિશિયનો, ગણિત નિષ્ણાંતોનો અભાવ**

# વધુ ૨૦,૦૦૦ એચ-૧બી વિઝા, ગ્રીનકાર્ડની માઈક્રોસોફ્ટની માંગ

**એકલી માઈક્રોસોફ્ટ કંપનીમાં જ એન્જિનિયરો, ડેવલ્પર્સ, સંશોધકો માટેની ૩૪૦૦ જગ્યાઓ ખાલી**

ન્યુયોર્ક,તા.૨૯

મહાકાય કંપની માઈક્રોસોફ્ટે ૨૦૦૦૦ વધુ એચ-૧બી અને ગ્રીનકાર્ડ માટે જોરદાર દબાણ ઓબામા વહીવટી તંત્ર ઉપર લાવી દીધું છે. માઈક્રોસોફ્ટ ૨૦૦૦૦ પૂરક એચ-૧બી વિઝા મેળવવા અમેરિકામાં નવો કાયદો લાવવા રજુઆતનાં મુડમાં છે. સાથે સાથે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને મેથેમેટિક્સનાં ક્ષેત્રોમાં કુશળ વિદેશી લોકોને એચ-૧બી વિઝા ઉપલબ્ધ કરાવવાની રજુઆત કરી છે. માઈક્રોસોફ્ટે એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે અમેરિકી કોંગ્રેસ આ કુશળતા સાથે વર્કરો માટે ૨૦૦૦૦ ગ્રીનકાર્ડની પણ ફાળવણી કરે. માઈક્રોસોફ્ટનાં જનરલ કાઉન્સલિંગ અને કારોબારી ઉપપ્રમુખ બ્રેડ સ્મિથે કહ્યું છે કે, ગઈકાલે અમેરિકી તંત્ર સમક્ષ આ બે સુધારા માટે દરખાસ્ત રજુ કરી દેવામાં આવી છે. કંપની કુશળ અમેરિકન વર્કરોની અછતની સમસ્યાને દૂર કરવા માટે આ યોજના ધરાવે છે. વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત જેવાં ક્ષેત્રોમાં અમેરિકન કુશળ વર્કરોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટી રહી છે. તેમનાં પોસ્ટમાં સ્મિથે કહ્યું છે કે, સૌથી પહેલાં કોંગ્રેસે એસટીઈએમ કુશળતા માટે વાર્ષિક ૨૦૦૦૦ વિઝા સાથે એક નવી પૂરક કેટેગરી બનાવવાની જરૂર છે. આ કુશળતામાં સુધારા સતત થવા જોઈએ. કોંગ્રેસે એસટીઈએમ કુશળતા સાથેનાં વર્કરો માટે ૨૦૦૦૦ નવા ગ્રીનકાર્ડ સ્લોટની પૂરક ફાળવણી કરીને અગાઉ ઉપયોગ નહીં કરવામાં આવેલાં ગ્રીનકાર્ડનો લાભ લેવો જોઈએ. માઈક્રોસોફ્ટે સૂચન કર્યું છે કે, જે કંપની એચ-૧બી વિઝાનો ઉપયોગ કરે છે તે કંપની માટે શરતો લાગુ કરવી જોઈએ. સપ્લીમેન્ટ્રી પુલમાંથી એચ-૧બી વિઝાનો ઉપયોગ કરનાર કંપનીએ દરેક કર્મચારી માટે ૧૦૦૦૦ ડોલરની ચૂકવણી કરવી જોઈએ. આ રકમ વિઝા મળ્યા બાદ કર્મચારી દીઠ ચૂકવવી જોઈએ જ્યારે ગ્રીનકાર્ડ મંજુર થયેલાઓને કંપનીના ભાગે ૧૫૦૦૦ ડોલરની ફી ચૂકવવી જોઈએ. અમે માનીએ છીએકે આ અભિગમથી પ્રતિવર્ષ ૫૦૦ મિલિયન ડોલરની રકમ ઉભી થશે અથવા તો એક દશકમાં ૫ અબજ ડોલર રૂપિયા ઉભા થશે. આ દરખાસ્તને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અમેરિકામાં હાલ કુશળ અંતરની સમસ્યા પ્રવર્તી રહી છે. માઈક્રોસોફ્ટમાં પણ હાલ એન્જિનિયરો, ડેવલ્પર્સ, રિસર્ચ કરનારાઓ માટે ૩૪૦૦ જગ્યાઓ ખાલી છે. આમાં એક વર્ષમાં ૩૪ ટકાનો વધારો થયો છે. સ્મિથનું કહેવું છે કે, જ્યાં સુધી સુધારાનાં પગલા લેવાશે નહીં ત્યાં સુધી માત્ર માઈક્રોસોફ્ટને જ નહીં અન્ય મોટી કંપનીઓને પણ નુકસાન થશે જેની સીધી અસર અમેરિકાનાં તંત્ર ઉપર થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં છેલ્લાં ઘણાં સમયથી કુશળ લોકોની અછત ઉભી થઈ છે. આ ઉપરાંત અમેરિકાએ વિઝા ફીમાં પણ ઉલ્લેખનીય વધારો કરી દીધો છે. માઈક્રોસોફ્ટ દ્વારા આ રજુઆતને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. માઈક્રોસોફ્ટ તરફથી આ રજુઆત કરાયા બાદ જો અમેરિકી કોંગ્રેસ આ દિશામાં આગળ વધશે તો ચોક્કસપણે અમેરિકન કંપનીઓને ફાયદો થશે, સાથે સાથે ભારતીય કુશળ લોકોને મોટો ફાયદો થશે કારણ કે ભારતમાં ટેકનિશિયનો, ગણિત શાસ્ત્રીઓ, એન્જનિયરોની પૂરતી સંખ્યા છે અને કુશળ લોકો વિદેશમાં અને ખાસ કરીને સ્થાયી થવા માટે પ્રયાસો કરી રહ્યાં છે.

# દુરસંચાર સેટેલાઈટ જીસેટ-૧૦ સફળ રીતે લોંચ

બેંગ્લોર,તા.૨૯

ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં એક પછી એક મોટી સફળતા મેળવવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે સવારે ભારતના સૌથી અતિ આધુનિક અને ભારે દુરસંચાર સેટેલાઈટ જીસેટ-૧૦ને સફળ રીતે લોન્ચ કરવામાં આવતા ભારતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. ફ્રેન્ચ ગુઆનામાં યુરોપના સ્પેસપોર્ટથી એરિયન-૫ રોકેટ મારફતે આને લોંચ કરવામાં આવતા ભારતે પોતાની કુશળતા વિશ્વભરમાં પૂરવાર કરી છે. આના ઉપર ૭૫૦ કરોડથી વધુનો ખર્ચ થયો છે. જેમાં સેટેલાઈટના ખર્ચ, લોંચ સર્વિસ અને ઈન્સ્યોરન્સનો સમાવેશ થાય છે.

ભારતીય ઉપગ્રહ જીસેટ-૧૦ને આજે સવારે એરિયન-૫ રોકેટ દ્વારા ફ્રેન્ચ ગુયાનાના કોરુ લોંચ સ્થળથી સફળતાપૂર્વક આંતરિક્ષમાં લોન્ચ કરવામાં આવતા ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને સરંક્ષણ નિષ્ણાંતોમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. ૩.૪ ટન વજન ધરાવતાં આ ઉપગ્રહ પર કુલ ૩૦ ટ્રાન્સપોન્ડર મૂકવામાં આવ્યા છે. જેનાથી દૂર સંચાર અને પ્રસારણ ક્ષમતામાં વધારો થશે. આમા ૧૦-૧૦ ટ્રાન્સપોન્ડર ક્યૂબેન્ડ અને છ ટ્રાન્સપોન્ડર વિસ્તરિત સી-બેન્ડ છે. ઉપગ્રહ ઉપર દિશાસૂચક વ્યવસ્થા ગગન પણ છે જેનો ઉપયોગ ભારતીય ઉડ્ડયન વ્યવસ્થા દ્વારા વિમાનોને દિશા બતાવવા માટે કરવામાં આવશે. એરિયન પાંચે આજે સવારે ૨.૪૮ વાગે ઉંડાણભરી હતી અને ૩૦ મિનિટ બાદ ઉપગ્રહને નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં પહોંચાડી દેવામાં સફળતા મેળવી હતી. ભારતીય આંતરિક સંશોધન સંસ્થા ઈસરોના જણાવ્યા મુજબ ઉપગ્રહના તમામ ઘટકો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે. નવેમ્બરથી વાણિજ્ય ઉપયોગ માટે ઉપલબ્ધ થઈ જશે. ભારતના સૌથી ભારે સેટેલાઈટ જીસેટ૧૦ને સફળ રીતે લોંચ કરવામાં આવતા ભારતે આંતરિક્ષના ક્ષેત્રમાં વધુ એક સફળતા મેળવી લીધી છે. ભારતના અતિ આધુનિક દુસંચાર સેટેલાઈટ જીસેટ-૧૦નું વજન ઉંડાણ વખતે ૩૪૦૦ કિલોગ્રામ હોવાનું જાણવા મળ્યું છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોના ૧૦૧માં સ્પેશ મિશન તરીકે આને જોવામાં આવે છે. બેંગ્લોર હેડક્વાટરમાં ઈસરોના જણાવ્યા મુજબ આમા ૩૦ કોમ્યુનિકેશન ટ્રાન્સપોન્ડરો રાખવામાં આવ્યા છે.

વહેલી પરોઢે દક્ષિણ આફ્રિકામાં યુરોપીયન લોન્ચ પેડથી



AFP

આને લોન્ચ કરવામાં આવ્યો હતો. દુર દર્શન ઉપર આનું જીવન પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. પહેલાંથી જ આની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. જીપીએસ સિગ્નલને વધુ અસરકારક બનાવવામાં તેની ભૂમિકા રહેશે. આ ઉપરાંત એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પણ આનો ઉપયોગ કરી શકાશે. ઈન્સેટ/જીસેટમાં આ બીજો ઉપગ્રહ છે. મે ૨૦૧૧માં જીસેટ-૮ લોંચ કરવામાં આવ્યો હતો. જીસેટ-૧૦ના પ્રોજેક્ટ ડિરેક્ટર ટી કે અનુરાધા, સેટેલાઈટ કોમ્યુનિકેશન એન્ડ નેવીગેશન પોગ્રામના ડિરેક્ટર એન પ્રહલાદરાવ, ડિપાર્ટમેન્ટ સ્પેસના એડીશનલ સેક્રેટરી એસ શ્રીનિવાસન, ઈસરો સેટેલાઈટ સેન્ટરના ડિરેક્ટર એસ કે શિવકુમાર લોંચ માટે ફ્રેન્ચ ગુઆના પહોંચ્યા હતા.જીસેટ-૧૦ની ઓપરેશનલ આયુ ૧૫ વર્ષની હશે. ઈસરોનું કહેવું છે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા માટે ૭૫૦ કરોડ રૂપિયાના મિશન રૂપે આ છે જેમાં સેટેલાઈટ ખર્ચ, યુરોપીયન સ્પેશ, કનસોર્ટિયમ એરિયનસ્પેસ દ્વારા લોંચ સર્વિસ તથા વિમાનો સમાવેશ થાય છે. આ સેટેલાઈટ ઈએડીએસ યુરો સ્ટાર ઈ૩૦૦૦ પ્લેટફોર્મ ઉપર આધારિત છે.

## અલ્તામસ કબીરના દેશના ચીફ જસ્ટીસ તરીકે શપથ

નવી દિલ્હી,તા. ૨૯

ન્યાયમૂર્તિ અલ્તામસ કબીરે આજે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ કબીરને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૧૯મી જુલાઈ ૧૯૪૮ના દિવસે જન્મેલા ન્યાયમૂર્તિ કબીરે કોલક્તા યુનિવર્સિટીમાંથી એમએ અને એલએલબીની ડિગ્રી મેળવી હતી. કોલક્તામાં જન્મેલા કબીર પહેલી ઓગષ્ટ ૧૯૭૩ના દિવસે પ્રથમ વખત બારના સભ્ય બન્યા હતા. ત્યારબાદ છઠ્ઠી ઓગષ્ટ ૧૯૯૦ના દિવસે કોલકતા હાઈકોર્ટમાં સ્થાયી ન્યાયધીશ બન્યા હતા. ન્યાયમૂર્તિ કબીરે ૧૧મી સંભાળ્યો હતો. પહેલી માર્ચ ૨૦૦૫ના દિવસે તેમને બઢતિ આપીને ઝારખંડમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ બનાવવામાં આવ્યા હતા.

નવમી સપ્ટેમ્બર ૨૦૦૫ના દિવસે તેઓ સુપ્રિમ કોર્ટમા ન્યાયાધીશ બન્યા હતા. ન્યાયમૂર્તિ અલ્તામસ કબીરને કોલકતા હાઈકોર્ટ, સિટિ સિવિલ કોર્ટ અને કોલક્તામાં અન્ય અદાલતોમાં કોમ્પ્યુટરાઈઝ કરવાની ક્રેડિટ મળી હતી. કબીરે ન્યાયમૂર્તિ એસએચ કાપડિયાની જગ્યા લઈ લીધી છે. શપથ વિધી કાર્યક્રમમાં તમામ ટોચના લોકો હાજર રહ્યા હતા. કેબિનેટના પ્રધાનો પણ હાજર હતા.

## નિતીશનાં કાર્યક્રમમાં હિંસા મામલે તપાસનો આદેશ થયો

પટણા,તા. ૨૯

બિહાર સરકારે ખાગરીયા જિલ્લામાં મુખ્યમંત્રી નિતીશ કુમારનાં કાર્યક્રમ દરમિયાન મારામારી, આગ, તોડફોડનાં બનાવમાં તપાસ કરવા એક ખાસ તપાસ ટીમની રચના કરી છે. એસપી સીઓ કુમારનાં નેતૃત્વમાં આ ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે. પોલીસ હેડક્વાર્ટરમાં અહેવાલ સુપરત કરવાનું કહેવાયું છે. તેમણે કહ્યું છે કે, ખાગરિયા પોલીસ દ્વારા વધુ બે લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. આની સાથે જ ધરપકડ કરવામાં આવેલાં લોકોની સંખ્યા વધીને ૩૭ ઉપર પહોંચી ગઈ છે. અન્ય આરોપીઓને પકડી પાડવા માટે વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. પોલીસે ગઈકાલે ૬૭૩ દેખાવકારો સામે એફઆઈઆર દાખલ કરી હતી. ૬૦૦ વણઓળખાયેલા લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. ખાગરિયા જિલ્લામાં હિંસાના કારણે કેટલાંક લોકોને ઈજા થઈ હતી.

એડીજીએ માહિતી આપતાં કહ્યું છે કે, ૨૭ સપ્ટેમ્બરે મુખ્યપ્રધાનની યાત્રા દરમિયાન ખાગરિયા જિલ્લામાં હિંસા ભડકી ઉઠી હતી. કુમારની અધિકાર યાત્રા દરમિયાન મોટાપાયે થયેલી હિંસામાં ઘણાં લોકોને ઈજા થઈ હતી. કોન્ટ્રાક્ટ ઉપર રહેલાં શિક્ષકો અને અન્ય દેખાવકારો જુદી જુદી માંગણીઓને લઈને હિંસા પર ઉતરી આવ્યા હતાં. દેખાવકારોએ જિલ્લા કલેક્ટોરેટ ખાતે રેકોર્ડરૂમને આગ ચાંપી દીધી હતી. ઓછામાં ઓછાં ચાર વાહનોને પણ સળગાવી દેવામાં આવ્યા હતાં.

### અભિગમ કેળવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરીદનારને વિશેષ ડીસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સાયકલયાત્રામાં ભાગ લેનાર ૨૬ પર્યાવરણ મિત્રને ડ્રો કરી ઈનામરૂપે સાયકલ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાયકલ યાત્રાના પ્રારંભે સચ્ચિદાનંદનું વિશેષ ઉપસ્થિત રહી યુવાનોને વ્યસનમુક્ત બનાવવા વક્તવ્ય આપશે. પવિત્ર યાત્રાધામ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આ તબક્કે નગરજનોને અઠવાડીયામાં એક દિવસ સાયકલ ચલાવવાની અપીલ કરી સાયકલ ક્લબની સ્થાપના અંગે જાહેરાત કરી હતી. નગરમાં પ્રથમ સાયકલ ક્લબની સ્થાપના થતા નગરજનોમાં આરોગ્ય અને પર્યાવરણલક્ષી અભિગમ સાથે સાયકલનો ઉપયોગ વધશે તેવો મક્કમ નિર્ધાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો. વધુમાં સાયકલ ટ્રેક બનાવવા સહિતની બાબતો સંદર્ભે સંબંધિત કક્ષાએ રજૂઆત કરવાનો પણ નિર્ણયલેવાયો હતો. આ તબક્કે ગેઝીયાના પૂર્વ પ્રમુખ અમૃતભાઈ પટેલ, રાહુલભાઈ મહેતા, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, સરદભાઈ વ્યાસ સહિતના આગેવાનોએ સાયકલયાત્રા સંબંધિત માહિતી પુરી પાડી હતી.

## માંગણીઓ પર દબાણ લાવવા વધુ ઉપવાસ નહીં કરે : અણણા

પુણે,તા.૨૯

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હજારેએ આજે કહ્યું હતું કે, તેઓ તેમની માંગણી માટે દબાણ લાવવા વધુ કોઈ અનશન કરશે નહીં. તેમણે એમપણ કહ્યું હતું કે, આંદોલન મારફતે લડત ચાલુ રહેશે. શુક્રવારે મોડી રાત્રે પુણે નજીક પીંપરી-ચીંચવાડ ઔદ્યોગિક શહેરમાં ગણેશ મંડળ કાર્યક્રમમાં બોલતાં અણણાએ કહ્યું હતું કે, તેઓ કોઈ ઉપવાસ કરશે નહીં પરંતુ આંદોલન મારફતે અધિકારો માટે લડત ચલાવશે. ભ્રષ્ટાચાર સામે જોરદાર જંગ છેડનાર અણણાએ કહ્યું હતું કે, સંસદમાં સ્વચ્છ લોકોને મોકલવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. તેમણે એમપણ કહ્યું હતું કે, મોટી સંખ્યામાં નિવૃત્ત આઈએએસ અધિકારીઓએ ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટે તેમની ચળવળમાં સામેલ થવા ઈચ્છા વ્યક્ત કરી છે. દેશનાં યુવાનોમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતાં હજારેએ દેશનાં ભાવિ અંગે આશાવાદી રહેવા તેમને કહ્યું હતું. હજારે ગયા વર્ષે મજબુત લોકપાલ બિલને લાવવાનાં હેતુસર મેદાનમાં આવી ગયા હતાં. ગાંધીવાદી નેતાએ આ વર્ષે જુલાઈ મહિનામાં નવી દિલ્હીમા જંતર-મંતર ખાતે વિરોધ કર્યો હતો. અગાઉ તેઓએ સંચાલનમાં પારદર્શકતા અને ભ્રષ્ટાચાર સાથે સંબંધિત મુદ્દાઓ પર મહારાષ્ટ્રમાં અનેક પ્રસંગોએ ભૂખ હડતાળ કરી હતી.

## દેશના પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મિશ્રનું અવસાન

નવી દિલ્હી,તા. ૨૯

દેશના પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બ્રજેશ મિશ્રનું અવસાન થયું છે. તેઓ છેલ્લા કેટલાક દિવસથી બિમાર હતા. તેમના સોમવારે અંતિમસંસ્કાર કરવામાં આવશે. હાર્ટ અટેકના કારમે તેમનુ ગઈકાલે રાત્રે અવસાન થયુ હતું. મિશ્રના નજીકના સુત્રોએ કહ્યું છે કે સોમવારે ૧૧ વાગે લોંદી રોધી સ્મશાનગૃહમાં તેમના અંતિમસંસ્કાર કરવામાં આવશે. ૮૩ વર્ષીય મિશ્ર વસંત કુંજ સ્થિત ફોર્ટિસ હોસ્પિટલમાં ગઈકાલે રાત્રે આશરે ૧૦ વાગે તેમનું અવસાન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. પૂર્વ રાજકારણી મિશ્ર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બનતા પહેલા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ગાળા દરમિયાન તેમના મુખ્ય સચિવ હતા.

મિશ્રએ વર્ષ ૧૯૯૯માં કારગીલ યુદ્ધ દરમિયાન વાજપેયીની સહાયતામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. વર્ષ ૨૦૦૪માં એનડીએની સરકાર હટી ગયા બાદ વાજપેયીથી દુર થયા બાદ મિશ્ર ભાજપથી દુર થઈ ગયા હતા. ત્યારબાદ અનેક વખતે મિશ્રે વિદેશ નિતીના જુદા જુદા મામલે પાર્ટીના વલણની ટિકા કરી હતી. મિશ્રે ભારત અને અમેરિકા વચ્ચે પરમાણુ કરારની એ વખતે તરફેણ કરી હતી જ્યારે વડાપ્રધાન મનમોહનસિંહ અમેરિકાની સાથે આ મામલે વાતચીત કરી રહ્યા હતા. આ સમજુતીનો વિરોધ કરવા બદલ મિશ્રે ભાજપની ટિકા કરી હતી. વાજપેયીના ગાળા દરમિયાન વડાપ્રધાનની કચેરીમાં તોઓ સૌથી શક્તિશાળી સભ્ય ગણાતા હતા. મિશ્રે સંકટ મોચક તરીકે તેમની કુશળતાની સાબિતી આપી હતી. મિશ્ર વર્ષ ૧૯૯૧માં ભાજપમાં સામેલ થયા હતા.

વાજપેયીના મુખ્ય સચિવ બન્યા બાદ તેઓએ પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. મિશ્રે ચીનની સાથે સંબંધોને મજબુત કરવા, ભારત-પાકિસ્તાન વચ્ચે સંબંધોને સામાન્ય બનાવવા અને અન્ય શ્રેણીબદ્ધ પ્રશ્નો પર પોતાની કુશળતા દેખાડી હતી. ચીનની સાથે જટિલ સરહદી વિવાદને ઉકેલવા માટે ખાસ મંત્રણા માટે મિશ્ર ખાસ પ્રતિનિધી તરીકે નિમાયા હતા. નવેમ્બર ૧૯૯૮માં તેઓ દેશના પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બન્યા હતા. આ હોદ્દા પર તેઓ ૨૩મી મે ૨૦૦૪ સુધી રહ્યા હતા.

## ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે ખરાખરીનો જંગ

કોલંબો, તા.૨૯

જેની ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં આવતીકાલે રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. સુપર એઈટના તબક્કામાં એકબાજુ પાકિસ્તાને રોમાંચક અને શાનદાર શરૂઆત કરી લીધી છે. પાકિસ્તાને પોતાની મેચમાં આફ્રિકા સામે શાનદાર જીત મેળવી હતી.જ્યારે બીજી બાજુ ભારતે પોતાની મેચ ઓસ્ટ્રેલિયા સામે ગુમાવી દીધી હતી જેથી આવતીકાલની મેચ ભારત માટે વધારે મહત્વપૂર્ણ છે. ભારતને આગામી તબક્કામાં પહોંચવા માટે કોઈપણ કિંમતે જીતવી પડશે. જો કે છેલ્લી ઘણી મેચોમાં પાકિસ્તાન ઉપર ભારતે જીત મેળવી છે તે જોતા ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા વધુ ઊંચો નૈતિક જુસ્સો ધરાવે છે છતાં પાકિસ્તાની ખેલાડીઓ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે. આફ્રિકા સામેની મેચ પાકિસ્તાને બે બોલ ફેંકવાના હતા ત્યારે જીતી લીધી હતી. પાકિસ્તાન તરફથી ઉમર અકમલ, હફીઝ, ઈમરાન નઝીમ, શોહેબ મલિક, શાહિદ આફ્રિદી ઉપર મુખ્ય નજર રહેશે. બીજી બાજુ ભારતીય ટીમના ખેલાડીઓ હાલ ફોર્મમાં દેખાઈ રહ્યા નથી જે ટીમ માટે ચિંતા ઉપજાવે તેવી છે. ગઈકાલે ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં ભારતીય ટીમનો ફ્લોપ શો રહ્યો હતો.

## સોનામાં રૂપિયા ૫૦નો ઘટાડો, ચાંદી સ્થિર રહી

નવીદિલ્હી, તા. ૨૯

સોના-ચાંદી બજારમાં હાલમાં મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. એકબાજુ દિલ્હી બુલિયન બજારમાં સોનામાં ઘટાડો નોંધાયો હતો.

બીજીબાજુ અમદાવાદમાં પણ સોનાની કિંમતમાં ઘટાડો રહ્યો હતો.એકંદરે બુલિયન બજારમાં મિશ્ર સ્થિત રહી હતી.

અમદાવાદ સોના-ચાંદી બજારમાં શનિવારે સપ્તાહના અંતિમ દિવસે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. જેમાં સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે ચાંદીનાં ભાવ સ્થિર રહ્યા હતા. સર્વપ્રથમ સોનામાં ભાવની વાત કરીએ તે પ્રતિ દશ ગ્રામ સોનાના ભાવમાં શનિવારનાં કારોબારના અંતે રૂપિયા ૫૦નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે દિવસના અંતે અમદાવાદ માર્કેટમાં સોનાના ભાવ રૂપિયા ૩૧૭૦૦થી ૩૧૮૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૩૧૭૫૦ થી ૩૧૮૫૦ની સપાટીએ સ્થિર હતા. જ્યારે અમદાવાદ માર્કેટમાં શનિવારે ચાંદી તેમજ રૂપામાં ફલેટ કારોબાર જોવા મળ્યો હતો. જેના કારણે દિવસના અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ કોઈપણ પ્રકારના વધારા કે ઘટાડા વિના રૂપિયા ૫૯૭૦૦ થી ૬૦૨૦૦ની શુક્રવારની સપાટી ઉપર સ્થિર રહ્યા હતા. જેનાં સાથે સાથે પ્રતિ કિલોગ્રામ રૂપાના ભાવમાં પણ કોઈ બદલાવ જોવા મળ્યો ન હતો.